# હર હર મહાદેવના નાદથી શિવાલયો ગુંજી ઉઠ્યા

## શિવ આરાધના કરવા શિવ ભક્તોના ઘોડાપુરથી શિવાલયો ઉભરાયા


(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ડીસા સહિત સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં શિવરાત્રીના મહાપર્વ નિમિત્તે ભગવાન શંકરના મંદિરોમાં હર હર મહાદેવનો નાદ ગુંજી ઉઠ્યો હતો. ત્યારે જિલ્લામાં આવેલ પ્રાચીન શિવાલયો જેવા કે પાતાળેશ્વર, બાલારામ, વિશ્વેશ્વર, મુક્તેશ્વર તેમજ સરહદી વાવ થરાદમાં આવેલ પ્રાચીન શિવમંદિરો ભકતોથી ઉભરાયા હતા. ઉપરાંત ઠેર ઠેર આવેલ મંદિરોમાં લોક મેળા પણ ભરાયા હતા. સમગ્ર જિલ્લાનું વાતાવરણ શિવમય બની જવા પામ્યું હતું. આ પર્વ ભગવાન શંકરના પુજનનું સૌથી મોટું પર્વ માનવામાં આવે છે. હિન્દુ સંસ્કૃતિમાં મહાશિવરાત્રીને ભગવાન શંકરનો સૌથી પવિત્ર દિવસ માનવામાં આવે છે. મહાશિવરાત્રી પોતાના આત્માને નિર્મળ બનાવવાનું મહાવ્રત ગણાય છે. જેથી મહાશિવરાત્રીનું વ્રત કરવાથી મનુષ્યના સમગ્ર પાપનો નાશ થાય છે. તેથી અનેક લોકોએ ઉપવાસો પણ કર્યા હતા. લોકોએ શિવના મહાપ્રસાદ ભાંગનો પણ લહાવો લીધો હતો. ઠેર ઠેર મહાઆરતી, ભજન સત્સંગ અને ભાંગને પ્રસાદનું આયોજન કરાયું હતું. જ્યારે શિવરાત્રીના દિવસે ભગવાન શિવ મધરાત્રીએ પાતાળ લોકમાંથી પૃથ્વી લોક તરફ પ્રયાણ કરતા હોવાથી ઠેર ઠેર મહાઆરતી અને ભજન સત્સંગ કાર્યક્રમો પણ યોજાયા હતા.


(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

મહાશિવરાત્રી નિમિત્તે જ્યાં મહાદેવના મંદિર આવેલા છે તેવા અનેક સ્થળોએ લોકમેળાઓ ભરાયા હતા ડીસા બનાસ નદીના કિનારે આવેલ સોમેશ્વર મહાદેવના મંદિરે દર વર્ષની જેમ આ વર્ષે પણ મહાશિવરાત્રી નિમિત્તે ભવ્ય લોકમેળો ભરાયો હતો. જેમાં આસપાસના ગામોના લોકો મેળામાં ઉમટી પડ્યા હતા. આ મંદિરે ભગવાનને પ્રસાદી રૂપે ખેડુતો પોતાના ખેતરમાં વાવેલ શાકભાજી ધરાવી વેપાર કરે છે. જેમાં રીંગણ બટાકા જેવી શાકભાજી સાથે સાથે મીઠું તેમજ સાકાર અને શ્રીફળ પણ વધેરે છે. આ મેળામાં કોઈ અનિચ્છનીય બનાવ ના બને તે માટે તાલુકા પોલીસ દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત પણ ગોઠવવામાં આવ્યો હતો.

# પાલનપુરમાં મહાશિવરાત્રી પર્વની દબદબાભેર ઉજવણી કરતું શ્રી વંદેમાતરમ્ યુવા સંગઠન

### ભોલેનાથ સબકે સાથના નારા સાથે હજારો શિવભકતોએ પ્રસાદ લઈ અનુભવી ધન્યતા

શ્રી વંદેમાતરમ્ યુવા સંગઠન બનાસકાંઠા પાલનપુર ધ્વારા પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ ભગવાન


(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

શિવજીના પ્રાગટ્ય દિન મહાશિવરાત્રી પર્વ નિમિત્તે શિવરાત્રી મહોત્સવની દબદબાભેર ઉજવણી કરવામાં આવી હતી. મહા શિવરાત્રી મહોત્સવની ઉજવણીના ભાગરૂપે શહેરના કોઝી ટાવર સામે ભગવાન શિવજીના મહાપ્રસાદ રૂપે ભાંગ મિશ્રિત દૂધાનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેનો વિશાળ સંખ્યામાં શિવભકતોએ લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

શ્રી વંદેમાતરમ્ યુવા સંગઠન પાલનપુર ધ્વારા કાર્યક્રમના પ્રારંભમાં દેવાધિદેવ મહાદેવની સ્તુતિ અને અભિષેક કર્યા બાદ દૂધાનું વિતરણ શરૂ કરાયું હતું. જયાં વહેલી સવારથી મોડી સાંજ સુધી પ્રસાદ લેવા માટે શિવભકતોનો ભારે ધસારો રહયો હતો. આ પ્રસંગે હજારો શિવભકતોએ પ્રસાદ લઈ ધન્યતા અનુભવી હતી. આ ભકિત પ્રસંગને સફળ બનાવવા માટે શ્રી વંદેમાતરમ્ યુવા સંગઠનના પ્રમુખ સંજય જોશી, પ્રોજેકટ કન્વીનર દિપક રાવલ, પાલનપુર પાલિકાના ઉપપ્રમુખ અમરતભાઈ જોશી, પાલિકાના બાંધકામ સમિતિના માજી ચેરમેન પ્રતાપભાઈ જાની, કૈશલ જોશી, ચિમનલાલ સોલંકી, ધ્રુવ જોશી, મેહુલ જોશી, અતુલ જોશી, ધ્રુવિન જોશી, સંદીપ મહેતા, અલ્પેશ પુરોહીત, મનોજ જોશી, પ્રવિણ રાવલ, કાંતીલાલ દરજી, મલય રાવલ સહિતના કાર્યકરોએ અપાર જહેમત ઉઠાવી હતી. છેલ્લા વીસ વર્ષથી અવિરતપણે શિવભકતો માટે ભગવાન શિવજીના પ્રસાદનું વિતરણ કરવામાં આવી રહયું છે ત્યારે શ્રી વંદેમાતરમ્ યુવા સંગઠનના પ્રમુખ સંજય જોશીએ કાર્યક્રમમાં ધર્મપ્રેમી જનતા તરફથી મળી રહેલા સાથ-સહકાર બદલ આભાર વ્યકત કર્યો હતો.

# પક્ષ બદલવાની ઘસીને ના પાડતા તલોદ-પ્રાંતિજના ધારાસભ્ય

તલોદ, તા. ૨૭

લોકસભાની ચૂંટણી હરણફાળે નજીક આવી રહી છે ત્યારે ઊગતા સૂરજને પુજવા જેવો ખેલ શરૂ થયો છે. ભાજપને તથા ભાજપના મંત્રીઓને પણ જાહેરમાં ટીકા કરતા કોંગીના ચૂંટાયેલા ધારાસભ્યો ભાજપમાં જોડાવા લાગ્યા છે. કોંગ્રેસના દાવા મુજબ આમ થવા પાછળ કરોડો રૂપીયાની લેતી-દેતી અને ક્યાંક પદ કે પતાવટની લોભામણી લાલચો આપવામાં આવી હોઈ 'આયારામ-ગયારામ'ના ઈતિહાસનું હાલ ૨૦૧૪માં પુનરાવર્તન થઈ રહ્યું છે ત્યારે આવા સંજોગોમાં સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ-તલોદ તાલુકાના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાએ કોઈપણ સંજોગોમાં અને કોઈપણ ભોગે કોંગ્રેસનો સાથ નહિ છોડવા અને મતદારોએ મુકેલો અમૂલ્ય વિશ્વાસ નહિ ગુમાવવાનો પોતાનો અડગ અને અફર નિર્ણય જાહેર કર્યો છે.

ગત વિધાનસભાની ચૂંટણીમાં સાબરકાંઠા જિલ્લામાં સૌથી વધુ બેઠકો પ્રાપ્ત કરીને ધારાસભ્યપદ સુધી પહોંચેલા કોંગ્રેસના ૬ પૈકીના એક એવા હિંમતનગરના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા ભાજપમાં જોડાઈ ગયા છે. ત્યારે બાકીના ધારાસભ્યોમાંથી કેટલાક ભાજપમાં જોડાવાની તૈયારીમાં હોવાની 'અફવાયુક્ત' વાતો વહેતી થતાં લાખો મતદારોના હૈયા હચમચી ગયા છે. જેમાં પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાનું પણ નામ જોડી દઈને ક્યાંક ગોબેલ્સ પ્રચાર થતો હોવાનું જાણવા મળતાં અમારા તલોદ ખાતેના પ્રતિનિધિએ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાનો સંપર્ક ૨રી, 'તમે ભાજપમાં જોડાવા માગો છો' ? તેવો સવાલ કરતાં ધારાસભ્ય બારૈયાએ ધરાર ના પાડી દઈને કોઈપણ ભોગે અને કોઈપણ સંજોગોમાં પોતાના માતૃપક્ષ એવા કોંગ્રેસ પક્ષને અને મતદારો એવા પ્રિય પ્રજાજનોને ક્યારેય પોતે દગો નહિ કરે તેવું અભય વચન આપીને રઘુકુળ રીતે સદા ચલી આઈ... પ્રાણ જાય પણ વચન ન જાઈની નીતિ રીતિને વળગી રહેવા મક્કમ મનોબળ હોવાનું પણ દોહરાવ્યું હતું.

# ખેડબ્રહ્મા એસ.ટી. ડેપોના કર્મચારીઓએ ફટાકડા ફોડતા કિશોરી દાઝી ગઈ

### એસ.ટી. કર્મચારીઓની હડતાલના સંદર્ભે સમાધાન થયાના સમાચાર મળતાં ફટાકડા ફોડાયા હતા

ખેડબ્રહ્મા, તા. ૨૭

ખેડબ્રહ્મા એસ.ટી. ડેપોના કર્મચારીઓ દ્વારા હડતાલ અંગે સમાધાન થયાના સમાચાર આવતા ખુશી વ્યક્ત કરવા ફટાકડા ફોડતાં ડેપોમાં ઉપસ્થિત એક કિશોરી ફટાકડાથી દાઝી જતાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.

આ અંગે મળતી વિગતો અનુસાર ગુજરાત એસ.ટી.ના કર્મચારીઓના પ્રશ્નો અંગે આગામી ૨૮ ફેબ્રુઆરીએ સમગ્ર ગુજરાતમાં હડતાલનું એલાન આપવામાં આવ્યું હતું. આ હડતાલની જાહેરાતના પગલે સમાધાન માટે વાટાઘાટોની શરૂઆત કરવામાં આવી હતી અને બીન સત્તાવાર રીતે સમાધાન થયાના સમાચાર સમગ્ર ગુજરાતમાં પ્રસરી જવા પામ્યા હતા. આ સમાચારથી ખેડબ્રહ્મા એસ.ટી. ડેપોના કર્મચારીઓમાં પણ ખુશીની લહેર પ્રસરી જવા પામી હતી અને આનંદ વ્યક્ત કરવા પ્લેટફોર્મ નંબર-૮ ઉપર એકઠા થઈ ફટાકડા ફોડ્યા હતા. દરમિયાન એક ફટાકડો શાળાએ જવા પ્રતિક્ષા કરતી એક કિશોરીની છાતીમાં જઈ પડ્યો હતો. જેથી આ વિદ્યાર્થિની દાઝી જવા પામી હતી. ખેડબ્રહ્મા તાલુકાના બહેડીયા ગામના પ્રતાપભાઈ મણાભાઈ સોલંકી તેમની


(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

હોસ્પિટલમાં સારવાર માટે દિકરી ગવરીબેન (ઉં.વ.૧૫) દાંતા તાલુકાના દલપુરા ગામે સાએ જવા બસમાં મુકવા માટે આવ્યા હતા. દરમિયાન આ કિશોરી સાથે આ હાદસો બનવા પામ્યો હતો. ફટાકડાથી કિશોરીના કપડાં બળવા લાગતા મુસાફરો તેની મદદે આવ્યા હતા અને કપડાંની આગ બુઝાવી ૧૦૮ બોલાવી ખેડબ્રહ્મા જનરલ મોકલવામાં આવી હતી.

આ અંગે ખેડબ્રહ્મા ડેપોના મેનેજર હેમંતભાઈ પટેલે જણાવ્યું હતું કે કોણે ફટાકડા ફોડ્યા તે મારી જાણમાં નથી અને હડતાલના સમાધાન અંગે હું કશુ જાણતો નથી. ઉપરાંત હિંમતનગરના એસ.ટી.ના અધિકારી જી.ઓ. શાહે જણાવ્યું હતું કે હડતાલનું સમાધાન થયાના બીન સત્તાવાર અને મને સમાચાર મળ્યા છે.

# ઐઠોર પાસે કોમ્પ્લેક્ષમાં ધમધમતા ક્રિકેટ આધારિત સટ્ટા ધામ પર પોલીસનો દરોડો

ઊંઝા, તા. ૨૭

ઊંઝા શહેરમાં છેલ્લા ઘણા વખતથી ક્રિકેટ સટ્ટાનું દૂષણ વકરી જતા યુવાધન બરબાદીના પંથે જઈ રહ્યું છે. શહેરના ઐઠોર ચાર રસ્તા નજીકના એક કોમ્પ્લેક્ષની દુકાનમાં ક્રિકેટ મેચ આધારિત સટ્ટાધામ પર પોલીસે દરોડો પાડી બે ઈસમોને ઝડપી લઈ સ્થળ પરથી રૂ. ૨૮૨૭૦ની કિંમતનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

આ ઘટનાની વિગત એવી છે કે ઊંઝા ખાતે વિસનગર રોડ પર ઐઠોર ચાર રસ્તા નજીક શિલ્પ કોમ્પ્લેક્ષના ત્રીજા માળે આવેલ એક દુકાનમાં ક્રિકેટ મેચ આધારિત સટ્ટો ખેલાય છે. તેવી મળેલ બાતમીના આધારે પોલિસે સાંજના સમયે અચાનક દરોડો પાડયો હતો આ સમયે ભારત-બાંગ્લાદેશ વચ્ચે રમાતી એશિયાઈ કપના જીવંત પ્રસારણ વેળા ફોન મારફતે પણ આ ગ્રાહકો સાથે હારજીતના જુગાર રમતા-રમાડતા મનિષ ઈશ્વરલાલ પટેલને ઝડપી લઈ સ્થળ પરથી રંગીન ટીવી મોબાઈલ ફોન તેમજ ૬૭૦ રૂપિયાની રોકડ રકમ મળી કુલ રૂ. ૨૮૨૭૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

આ ક્રકેટ સટ્ટામાં અતુલ ઉર્ફે ગોર પટેલ અને હિરેન ઉર્ફે રામદેવ પટેલની પણ સંડોવણી હોવાનું બહાર આવતા પોલીસે ઊંઝાના કુલ પાંચ શખ્સો વિરુદ્ધ જુગાર ધારા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# રાજ્યસભાના સભ્ય તરીકે નિયુક્તિ મેળવનાર શંભુનાથ મહારાજનો સન્માન સમારંભ યોજાયો

કપડવંજ, તા. ૨૭

વણકર સમાજની વિવિધ સંસ્થાઓ દ્વારા તા. ૨૩મી ફેબ્રુઆરીએ કપડવંજ ખાતે રાજ્યસભાના સભ્ય તરીકે નિયુક્તિ પામેલ ઝાંઝરકાના શંભુનાથ મહારાજનો સન્માન સમારંભ યોજવામાં આવ્યો હતો. આ સમારંભમાં ગુજરાત રાજ્યના મંત્રી રમણલાલ વોરા અને પૂર્વ મંત્રી ડૉ. કરશનદાસ સોનેરી ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાતના સમગ્ર દલિત સમુદાયના પ્રતિનિધિત્વ રૂપે સંતશ્રી સવગુણ મંદિરના ગાદીપતિ મહંત શંભુનાથ મહારાજની રાજ્યસભાના સભ્ય તરીકેની નિયુક્તિને વધાવવા ગુજરાત એસટી નિગમના જનરલ મેનેજર અને વણકર સમાજના આગેવાન ડી.ડી. કાપડિયા અને સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના યુવા વણકર સમાજના આગેવાન હસમુખ સકસેનાના પ્રયત્નોથી વણકર સમાજની વિવિધ સંસ્થાઓ દ્વારા આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં રાજ્યના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રી રમણલાલ વોરા, પૂર્વ મંત્રી કરશનદાસ સોનેરી, સોજીત્રાના પૂર્વ ધારાસભ્ય અંબાલાલ રોહિત, કપડવંજના પૂર્વ ધારાસભ્ય મણીભાઈ પટેલ, કપડવંજ નગરપાલિકા પ્રમુખ ગોપાલભાઈ શાહ, તાલુકા પંચાયત પ્રમુખ નીતિનભાઈ પટેલ, તાલુકા પંચાયતની સામાજીક ન્યાય સમિતિના પ્રમુખ દિનેશભાઈ વણકર સહિત અને અગ્રણી આમંત્રિતો અને દલિત સમાજના સભ્યો હાજર રહ્યા હતા.

આ કાર્યક્રમમાં શંભુનાથજી મહારાજનું શાલ ઓઢાડી તેમજ સ્મૃતિ ચિહ્ન આપી અભિવાદન કરાયું હતું. ચિત્રકાર દેવચંદ પરમારે શંભુનાથજીનું હસ્તચિત્ર તેમને ભેટ કર્યુ હતુ. શંભુનાથજી મહારાજે રાજ્યસભાના સાંસદ તરીકે તેમની ફરજો અને જવાબદારીઓનો ચિતાર આપ્યો હતો. સર્વે આગેવાનોએ તેમને શુભેચ્છાઓ પાઠવી હતી.

સમગ્ર કાર્યક્રમના આયોજનમાં બાવીસ-ચોવીસા વણકર સમાજ, બાયડ તાલુકા વણકર સમાજ સેવા ટ્રસ્ટ, મોડાસાનું દસગામ વણકર યુવા સંગઠન તેમજ કપડવંજના સવાસો વણકર સમાજ તેમજ અન્ય અગ્રણીઓ અને સામાજીક, શૈક્ષણિક અને ખાનગી વ્યાપારિક એકમોનો સહકાર સાંપડ્યો હતો. કાર્યક્રમમાં ગુજરાત ભરમાંથી દલિત સમાજના આશરે પાંચેક હજાર લોકોનો માનવ મહેરામણ ઉમટી પડ્યો હતો.

# શિવરાત્રિ પર્વે ઊંઝાના શિવાલયો ભાવિકોથી ઉભરાયા

ઊંઝા, તા. ૨૭

હિન્દુઓના પવિત્ર તહેવાર મહાશિવરાત્રિના દિવસે ઊંઝા તાલુકાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં આવેલ શિવાલયો ઓમ નમઃ શિવાયના નાદથી ગુંજી ઉઠ્યા હતા અને ભક્તોએ ભક્તિભાવપૂર્વક ઉજવણી કરી હતી.

આજે શિવમંદિરોમાં વિશેષ ધાર્મિક કાર્યક્રમ યોજાયા હતા. શિવરાત્રિએ વહેલી સવારથી મધરાત સુધી શિવાલયોમાં ભક્તોની ભીડ દર્શન માટે ઉમટી પડી હતી. ભક્તોએ શિવજીની પૂજા અર્ચના કરી ધન્યતા અનુભવી હતી. કેટલા મંદિરોમાં વિશેષ પૂજા સાથે શિવમહિમ્ન સ્ત્રોત તેમજ ઓમ નમઃ શિવાયની ધૂનોથી ભક્તિમય વાતાવરણ સર્જાયુ હતુ.

# પ્રાંતિજના માર્કન્ડેશ્વર મહાદેવ મંદિરે શિવરાત્રિની ભવ્ય ઉજવણી કરાઈ


(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

પ્રાંતિજના અતિ પ્રાચિન માર્કન્ડેશ્વર મહાદેવ મંદિરે પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ મહાવદ-૧ ઉના રોજ મહાશવરાત્રિ પર્વની ધામધૂમ પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વહેલી સવારથી જ ભાવિકો હર હર મહાદેવ નારા સાથે શિવાલયોમાં મહાદેવના દર્શનાર્થે ઉમટી પડયા હતા અને પૂજા અર્ચના કરી હતી. મહાશિવરાત્રિ પર્વને લઈ પ્રાંતિજ નગર ભગવાન માર્કન્ડેશ્વર મહાદેવની શ્રધ્ધાળુઓ દ્વારા ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. મહાદેવની ઘરે ઘરે પધરામણી થતા નગરજનોએ આસ્થા અને શ્રધ્ધા સાથે આર્શીવાદ લઈ ધન્યતા અનુભવી હતી. ભગવાનની શોભાયાત્રા નગરમાં નિકળતા ઠેર ઠેર સ્વાગત કરવામાં આવ્યું હતું.



ખેડબ્રહ્મા તાલુકાના શિવ મંદિરોમા ચાર પ્રહરની પૂજા-અભિષેક તથા ભગવાન સદાશિવની શોભાયાત્રા કાઢી મહાશિવરાત્રી પર્વની ધામધુમથી ઉજવણી કરવામાં આવી હતી. ખેડબ્રહ્માના શિવાલયો કાશી વિશ્વનાથ-અચલેશ્વર-સોમનાથ-પંખેશ્વર-રામેશ્વર-નીલકંઠ- કોટેશ્વર તથા મટોડાના મોટનેશ્વર-રૂદ્રમાળાના રૂદ્રેશ્વર-વરતોલના ભીમનાથ મહાદેવ મંદિરોમાં દર્શન કરવા માટે ભકતોની ભીડ રહી હતી. અચલેશ્વર મહાદેવ તથા મટોડાના મોટનેશ્વર મહાદેવ મંદિરમાંથી શોભાયાત્રા કાઢવામાં આવી હતી. (તસવીર : રમેશ વૈષ્ણવ)

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામ્રશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન